**<u>આંક–૧ નીચે હુકમ</u>**

**૧.** તા.૨૫/૦૬/૨૦૨૦ ના રોજ થયેલ અકસ્માતમાં અરજદારને માથાના ભાગે તેમજ જમણા હાથમાં અને ચહેરા પર ફ્રેકચર થયેલ તેમજ અરજદાર આખા શરીરે ઘવાયેલા જે બદલ અરજદારે રૂ.૨,૫૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા મેળવવા અરજી કરેલ અને તે વળતર અરજી નં.૧૭/૨૦૨૧ થી દાખલ કરેલ તે અરજી તેઓએ પ્રોપરમાં કરેલ છે. પરંતુ હાલમાં તેઓએ જાણ થયા મુજબ અરજદારની અરજી તા.૨૭/૦૧/૨૦૨૬ ના રોજ આંક–૧ ના નીચે મુજબના હુકમ અન્વયે અરજદારની વળતર અરજી ડીસમીસ ફોર ડીફ્લ્ટ કરેલ છે. સદર વળતર અરજીમાં અરજદારના વકીલશ્રી તરફથી આપવામાં આવેલ તારીખમાં શરતચુકથી હાજર રહી શકેલ નહી તેમજ અરજદારની શરતચુક તેમજ ભુલને કારણે આ વળતર અરજી ડીસમીસ થઈ ગયેલ છે. જેથી આ વળતરને ફરી ફાઈલે કરવા હાલની અરજી કરેલ છે.

**૨.** સદર અરજી સંદર્ભે અરજદારના વિ.વકીલશ્રી હાજર રહેલ અને મો.વ્હીકલ અરજી નં.૧૭/૨૦૨૧ ફરી ફાઈલ કરવા રજુઆત કરેલ છે. જયારે સામાવાળા તરફથી આ સંદર્ભે રજુઆત કરવા કોઈ હાજર રહેલ નથી.

**3.** સદર કામે અરજદારે દાખલ કરેલ મો.વ્હીલ કલેઈમ દાખલ કરેલ અને આ કલેઈમ કેસમાં અરજદારના વકીલશ્રી તરફથી આપવામાં આવેલ તારીખમાં શરતચુકથી હાજર રહી શકેલ નહી જેથી સદર કલેઈમ અરજી કાઢી નાખેલ હોય તે ફરી ફાઈલે લેવા વિનંતીને ધ્યાને લેતા રજુ કારણો વ્યાજબી જણાતા હોય અરજદારની અરજી ફાઈલે લેવા અને નિયમ મુજબ આગળ

ચલાવવા ઉચીત જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારોની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદારના કલેઈમ કેસ નં.૧૭/૨૦૨૧ ફરી ફાઈલે લઈ જે સ્ટેજેથી કાર્યવાહી અધુરી રહેલ ત્યારથી ફરી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૨ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬
સુરત.

(જે.એમ.બ્રહમભટ્ટ)
બીજા અધિક સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00622